૩૬

તા. ૧૨/૧૦/૧૯ / મંગળવાર / આજ-કાલ

# ચેમ્બર દ્વારા યોજાયેલ માર્ગદર્શક બેઠક

**આજકાલ કાર્યાલય-જામનગર**




જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારની વેરા સમાધાન યોજના ૨૦૧૯ તથા સબકા વિશ્વાસ લીગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન સ્કીમ ૨૦૧૯ અંગે તા. ૩-૧૦-૨૦૧૯ના રોજ એક માર્ગદર્શક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ તરફથી વિશાલ માલાણી, જોઈન્ટ કમિશનર, મધુસુદન રાવ, આસી. કમિશનર તથા સ્ટેટ જીએસટી વિભાગ તરફથી વી.એન. ગુર્જર, જોઈન્ટ કમિશનર, ઈ.એસ. શેખ, જોઈન્ટ કમિશનર બી.એચ. મોરી, આસી. કમિશનર એસજીએટી તથા ગુલાબભાઈ ચૌધરી, આસી. કમિશનર, એસજીએટી વિગેરે અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા. આ બેઠમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ સ્વાગત કરતા જણાવેલકે સરકાર દ્વારા કરદાતાઓના જુના પડતર કેઈસો માટે ભરવાના થતા વેરાઓ માટે તૈયાર કરેલઆ યોજનાઓ વિશે માહિતી આપવા માટે બેઠકનું આયોજન કરેલ છે, વધુમાં જણાવેલ કે અધિકારીઓની ફરજ મુજબ વ્યાપાર ઉદ્યોગ પાસેથી કર વસુલ કરવો તથા આપણી જવાબદારી કર ભરવાની છે પરંતુ કયારેય પણ થયેલ કોઈ ક્ષતિને લીધે કોઈ કરદાતા પર કોઈ ડીમાન્ડ ઉપસ્થિત થયેલ હોય ત્યારે ન ભરેલ કર માટે સરકાર આ પ્રકારની યોજનાઓ વેપારીઓને ખુબ કામ આવે છે. વધુમાં જણાવ્યું કે વેપારીઓ ઉદ્યોગકારો લોકોને રોજગારી પુરી પાડેછે ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ તેમનેવધુ ફાયદો મળે તે રીતે કામગીરી કરવી જોઈએ તથા તેને ઘ્યાને લેવું જોઈએ તેમજ વેપારીઓ ઉદ્યોગકારોને આ યજ્જોનાનો લાભ લેવા સૌને અનુરોધ કરેલ હતો.

આ તકે ચેમ્બરના હોદેદારઓ તથા પેનલ ચેરમેન દ્વારા અધિકારીઓને પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતો. આ બેઠકમાં વિશાલ માલાણી, સંયુકત કમિશનર, સીજીએસટીએ તેના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે સરકાર દ્વારા સબકા વિશ્વાસ યોજના શરુ કરવામાં આવેલ છે જેમાં સર્વિસ ટેકસ, સેન્ટ્રલ એકસાઈઝ માટે છે આવી યોજના કયોરય આવેલ નથી અને આવશે પણ નહિ. જેમાં દંડ, વ્યાજ નહિં પરંતુ અમુક કિસ્સામાં ટેક્ષની રકમમાં પણ ૫૦ ટકા સુધીની છુટ આપેલ છે તેમણે ચેમ્બરને કરદાતાઓને જાણ કરી કર ભરાવવામાં આવે તે માટે અનુરોધ કરેલ હતો. આ યોજનાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે. ત્યારબાદ સુપ્રિન્ટેન્ડન્ટ રવિ રાયઠઠાએ તથા નિરીક્ષક રાહુલ વર્મા દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી અને જાણકારી આપી સમજણ આપેલ. વધુમાં આ બેઠકમાં સ્ટેટ જીએસટી વિભાગના ઉપસ્થિત સંયુકત કમિશનર વી.એન. ગુર્જર સાહેબે તેમના પ્રાસંગિક પ્રવચનમાં વેરા સમાધાન યોજના ૨૦૧૯ વિશે જણાવેલ કે આ યજ્જોનાઓ વેપારીઓ ઉદ્યોગકારોએ બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ. વધુમાં જણાવેલ કે જે વેપારીનો નંબર કેન્સલ કરેલ હોય તેવા વેપારીને પણ આ યોજના લાગુ પડશે.

આ બેઠકમાં ઉપસ્થિત જોઈન્ટ કમિશનર ઈ.એસ. શેખે તેમના પ્રાસંગિક પ્રવચનમાં વેરા સમાધાન યોજના બાબત બહાર પડેલ પરિપત્ર તા. ૧૧-૯-૧૯ બાબત વિગતો આપેલ. તેઓએ જણાવેલ કે જુના કાયદા માટે આ યોજના છે અને પ્રિ-ડીપોઝીટ ભરેલ હોય તેને પણ આ કાયદાથી ફાયદો છે તેમ જણાવેલ. વધુમાં જણાવેલ કે આ યોજનામાં અપિલ પરત ખેંચીને તથા અપીલ ચલાવીને એમ બન્ને રીતે ફાયદો લઈ શકાય તેમજ ૧૦ ટકા રકમ ભરી ૧૧ હપ્તા કરી આપવામાં આવશે. વધુમાં બેઠકમં આસી. કમિશનર બી.એચ. મોરી સાહેબે સમગ્ર યોજના બાબત વિસ્તૃત રીતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી માર્ગદર્શન આપેલ. ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિતો દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવેલ જેના અધિકારીઓ દ્વારા સંતોષકારક પ્રત્યુતરો આપવામાં આવેલ હતા.